# ભિલોડામાં મહાકાળી માતાના મંદિરમાં નવરાત્રી નિમિત્તે નવચંડી હવન યોજાયો



ભિલોડા,તા.૧૬

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે હાથમતી નદી કિનારે મહાકાળી માતાના મંદિર પરિસરમાં નવરાત્રી નિમિત્તે નવચંડી હવન યોજાયો હતો.નવચંડી હવન નિમિત્તે શ્રીફળ અને કમળનો હોમ માંઈ ભક્તોએ કર્યો હતો.માંઈ ભક્તોએ દર્શન કરીને પ્રસાદી મેળવીને ધન્યતા અનુભવી હતી.શ્રી મહાકાળી સેવા ટ્રસ્ટના ટ્રસ્ટીઓ,માંઈ ભકતોએ નવરાત્રી મહોત્સવના પાવન પર્વ નિમિત્તે નવચંડી હવનના ધાર્મિક કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.




વિજયા દશમી નિમિત્તે મહેસાણા જિલ્લા રાજપૂત મહિલા મંડળ અને રાજલક્ષ્મી મહિલા ફાઉન્ડેશન મહેસાણા દ્વારા સંસ્થાના હોલમાં શસ્ત્ર પૂજન કરવામાં આવ્યું હતું.



**ચમારપુર પ્રા. શાળામાં નવરાત્રી મહોત્સવ-૨૦૨૧ ઉજવાયો**

બાયડ તાલુકાની ચમારપુર પ્રા. શાળા નવરાત્રી ઉતસવ શાળાના બાળકો એ ઉત્સાહભેર ભાગ લીધો ગરબાનું આયોજન શાળ સ્ટાફે કયું. શાળાના તમામ બાળકોને આચાય શ્રી ભરતકુમાર લાલજીભાઈ પટેલે અભિનંદન પાઠવ્યાં.

# ભિલોડા તિરૂપતિ સોસાયટીમાં વિજયાદશમી નિમિત્તે રાવણ દહનનો કાર્યક્રમ યોજાયો



ભિલોડા,તા.૧૬

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે હાર્દસમા રહેણાંક વિસ્તારમાં આવેલ તિરૂપતિ સોસાયટીમાં રાવણ દહનનો કાર્યક્રમ યોજાયો હતો. ભિલોડા તિરૂપતી સોસાયટીના સામાજીક આગેવાન કાંતિલાલ પટેલ, ડો.એ. કે. ચૌધરી, (મુનાઈ) પુર્વ સરપંચ - ભિલોડા ગ્રામ પંચાયત, મનોજભાઈ પટેલ, મહેન્દ્રસિંહ રાઠોડ, કલ્પેશભાઈ ચૌહાણ સહિત સ્થાનિક આગેવાનો, કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# સકસેસ સ્કૂલમાં નવરાત્રી મહોત્સવની ઉજવણી કરાઈ

ધાનેરા તા. ૧૬

સકસેસ સ્કૂલ ધાનેરા માં નવરાત્રી મહોત્સવ ની ઉજવણી કરવામાં આવી જેમાં શાળાના તમામ નાના ફૂલ જેવા બાળકો અને પાવન પવિત્ર ગુરુગણ આ પર્વ નો આરતીથી લઈ આ પ્રસંગે ગરબા ની રમઝટ મા આનંદભેર રમવાનો આનંદ માણ્યો હતો ત્યાંરબાદ શાળા ના આચાર્ય મુકેશભાઈ એ આ પર્વ વિશે જણાવતાં કહ્યું કે આ પર્વ હિન્દૂ સંસ્કૃતિ નો દુનિયાનો સૌથી લાંબો ગરબા ફેસ્ટિવલ એટલે નવરાત્રી ના નામે ઓળખાણ છે જેમાં લગભગ આખું ગુજરાત માતાજી આગળ ગરબે ઝૂમે છે આમ જોઈએ તો માતાજી ના નવ દિવસ માતાજી ના આરાધના નો દિવસો કહેવાય છે એવું કહેવાય છે કે માતાજી નવ દિવસ ગરબે રમવા પણ આવે છે એટલે જ ગુજરાતમાં -ગુજરાતીઓ પોતાની આસ્થા સાથે હિન્દૂ સંસ્કૃતિ ને ધાર્મિક સંસ્કૃતિને જાળવી રહ્યા છે ગરબા મુખ્યતઃ ગુજરાત ભારતના ખૂબ લોકપ્રિય ધાર્મિક લોકનૃત્યનો ઉત્સવ છે આ રાત્રીઓ નવરાત્રી તરીકે જાણીતી છે આ નૃત્ય દ્વારા અંબે મા મહાકાળી ચામુંડા વગેરે દેવીઓની આરાધના કરવામાં આવે છે આ ભારતના સૌથી જાણીતા તહેવારોમાં નો એક છે ગરબા રમતા બાળકો ને સંદેશ આપ્યો કે આસુરી શક્તિ પર દેવી શક્તિ નો વિજયી એટલે નવરાત્રી માં કરેલ દેવીઓ ની આરાધના નો બની રહેલ છે આ પ્રસંગે શાળા ના એમડી હાર્દિકભાઈ એ પણ બાળકો ને આ પર્વ વિશે ખૂબ જ ઊંડાણ થી આધ્યાત્મિક અને ધાર્મિક મહત્વ અને માહાત્મ્ય વિશે સમજ આપી સર્વે શિક્ષકગણ ની સહિયારો પ્રયાસ એ આ કાર્યક્રમ ની શોભા ને પ્રદીપ્ત કરી હતી.





સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે વર્ષોથી પલ્લી નિકળે છે જેમાં શુકવાર ના રોજ પ્રાંતિજ ના બ્રહ્માણી માતાના મંદિરે થી પલ્લી નિકળી હતી તો માઈ ભકતો મોટી સંખ્યામાં ઉમટી પડયા હતાં પલ્લી ના દર્શન કરી ધન્યતા અનુભવી હતી અને જયઅંબે...ના ધોષથી સમ્રગ પ્રાંતિજ ગુંજી ઉઠયું હતું.

# પ્રાંતિજના ધડકણ ખાતે આઠમા દિવસે મહાઆરતી યોજાઈ

**આરતીની ઉછામણી ૭૧૦૦૦ મા બોલાઈ : માઇ ભક્તો મોટી સખ્યા ઉપસ્થિત રહીને સમુહ આરતીનો લાભ લીધો**



પ્રાંતિજ તા.૧૬

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના ધડકણ ખાતે દર વર્ષ ની જેમ આ વર્ષે પણ નવરાત્રી ના આઠમા નોરતે આઠમ ના દિવસે સમુહ આરતી યોજાઈ

પ્રાંતિજ તાલુકાના ધડકણ ખાતે વર્ષોથી ગામમા એકજ સ્થળે નવરાત્રી યોજાય છે અને ગામમા રહેતા દરેક સમાજ ના લોકો એકજ માંડવડી મા નવરાત્રી યોજાય છે તો નવરાત્રી માઈ મંડળ દ્વારા દર વર્ષે આઠ ના દિવસે સમુહ આરતી નુ આયોજન કરવામા આવે છે જેમા સમુહ આરતી મા મુખ્ય આરતી માટે જાહેર મા ઉછામણી કરવામા આવેછે જેમા આ વર્ષે ૭૧૦૦૦ મા આરતી પટેલ કચરાભાઈ દામોદરદાસ પરિવાર દ્વારા મુખ્ય આરતી નો લાભ લીધો હતો તો માઈ યુવક મંડળ દ્વારા ધો૧૦ અને ૧૨ ના ઉચી ટકાવારી ધરાવતા વિદ્યાર્થીઓને પણ જર્નલ નોલેજ ની બુક આપવામા આવી હતી તો દરેક સમાજ ના લોકોએ સમુહ મા આરતી ઉતારી ધન્યતા અનુભવી હતી.

# શ્રી હિંમત હાઈસ્કુલ હિંમતનગરનું ગૌરવ

હિંમતનગર, તા. ૧૬

શ્રી સારસ્વત વિદ્યાલય, હિંમતનગર ખાતે યોજાયેલી ૭૫માં આઝાદી કા અમૃત મહોત્સવ માં વિવિધ સ્પર્ધાઓમાં હિંમતનગરની




વિવિધ શાળાઓએ ભાગ લીધો હતો, તેમાં શ્રી હિંમત હાઈસ્કુલના વિદ્યાર્થીઓ માધ્યમિક વિભાગમાં ચિત્ર સ્પર્ધામાં વણકર પલ્છીન એલ. ધોરણ ૯ બ. પ્રથમ નંબરે વિજેતા બનેલ છે, તેમજ નિબંધ સ્પર્ધામાં ઉચ્ચતર માધ્યમિક વિભાગના પ્રજાપતિ કૈલાશ એસ. પ્રથમ નંબરે વિજેતા બનેલ છે, માર્ગદર્શક તરીકે શાળાના આચાર્ય શ્રી એસ.એસ.પટેલ શ્રી ડી. પી.ભટ્ટ અને શ્રી એસ.પી.સુથાર રહ્યા હતા. શાળા પરિવાર વતીથી ખૂબ ખૂબ અભિનંદન.

# મોટાકોટડાનું ગૌરવ

બાયડ( બ્યુરો ઓફીસ)તા.૧૬



ઈડર તાલુકાના મોટાકોટડા ગામના સામાન્ય પરિવારની પુત્રી તેજસ્વિની દિલીપ ભાઈ નાયકે તાજેતરમાં જાહેર થયેલા ડી. એલ.એડ ની પરીક્ષાના પરિણામમાં રાજ્યમાં ટોપ ટેન અને સાબરકાંઠા જિલ્લામાં પ્રથમ સ્થાન મેળવી ગૌરવ વધાર્યું છે.હિંમતનગરના અનેરાની સ્ત્રી અધ્યાપન મંદિર વિદ્યાર્થિની નું ઝળહળતું પરિણામ આવતા ગ્રામજનો, અસાઈત નાયક યુવક સંગઠન ના હોદેદારો તેમજ સભ્યો એ અભિનંદન પાઠવ્યા છે.

# ભિલોડાના મલાસા ગામના પટેલ સમાજનું ગૌરવ વધાર્યું

ભિલોડા,તા.૧૬

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા બાયસેગ નેશનલ સ્ટુડિયોમાં ધો.૯-૧૦ ના લેશન આપવા માટે સાબરકાંઠા જિલ્લાની ખેડ શાળા માંથી હસમુખભાઈ બી.પટેલની પસંદગી થઈ છે.હવે ટૂંક સમયમાં ધોરણ - ૯ અને ૧૦ ના પાઠ્યપુસ્તકોમાં સમગ્ર ગુજરાતના બાળકો ઊઈ કોડ ને સ્કેન કરીને વ્યાકરણ અને લેખન વિભાગના વિડિયો જોઈ શકાશે સમગ્ર ગુજરાત રાજ્યમાં ભિલોડા તાલુકાના મલાસા ગામ સહિત પટેલ સમાજનું ગૌરવ વધારવા બદલ મલાસા નવયુવક મંડળ દ્વારા આ સિદ્ધિ હાંસલ કરવા બદલ હસમુખભાઈ ને બિરદાવ્યા હતા.

**દ્વારકાના પ્રાંત અધિકારીનું લાંચ પ્રકરણ**

# જિલ્લાની મોટાભાગની પ્રાંત કચેરીમાં ભ્રષ્ટાચારની બદબૂ : પાછળા ૧ વર્ષના કેસ તપાસવામાં આવે

બાયડ તા. ૧૬

દ્વારકા પ્રાંત અધિકારી હથિયારનું લાઈસન્સ ઈસ્યુ કરવા રૂા. ૩ લાખની લાંચ માંગતા ઝડપાયા પછી સનસનાટી મચી છે. જિલ્લાની મોટાભાગની પ્રાંત કચેરીમાં ભ્રષ્ટાચારના બદબૂ છે. રાજય સરાકર અને મહેસુલ મંત્રી દ્વારા જે તે પ્રાંત અધિકારી - કચેરી સામેની ફરિયાદોનું ટોપલું ખોલી તપાસ કરાવે તો મોટો ભ્રષ્ટાચાર બહાર આવી શકે છે.

જિલ્લાની પ્રાંત કચેરીઓમાં જમીન સંબંધી કેસ તથા અન્ય ગ્રાન્ટો વગેરે બાબતમાં ભ્રષ્ટાચારના આરોપ લાગતા આવ્યા છે. પ્રાંત અધિકારી કે કચેરીમાં ભ્રષ્ટાચાર આચરાય જ નહી તેવી પ્રજાના માનસપટ ઉપર છબી ફીટ કરવામાં આવી. પરંતુ જયાં સાક્ષાત દ્વારકધક્ષ બેઠેલા છે ત્યા પ્રાંત અધિકારી રૂા. ૩ લાખની લાંચ લેતા ઝડપાઈ જતા તાલુકા પંચાયત, મામલતદાર કચેરી કરતાં પણ પ્રાંત કચેરીમાં અનહદ ભ્રષ્ટાચાર આદારતો હોવાનું જાણી પ્રજાની આંખો પહોળી થઈ ગઈ છે. જિલ્લાની પ્રાંત કચેરીમાં જમીનના વિવાદીત કેસ ચાલે ત્યારે કેટલીય મલાઈ તારવી પૈસાના જોરે ચુકાદા આપ્યાના લોક આક્ષેપ જગજાહેર છે. જેમાં તથ્ય છે કે કેમ...!! તેની તપાસ થવી જરૂરી છે. મોડાસામાં બોગસ ખેડૂત પ્રકરણ અને આરોપીઓને જે રીતે છાવરીને સમગ્ર ફાઈલ બંધ કરી દેવામાં આવી તે બાબતથી મોડાસાની પ્રજા વિસ્મય પામી છે. ત્યારે જિલ્લાની પ્રાંત કચેરીઓમાં ચાલતા ભ્રષ્ટાચારની ફરિયાદમાં તથ્ય છે કે કેમ...!! તેની રાજય સ્તરેથી તપાસ થવી જોઈએ. જમીનના કેટલાક વિવાદી કેસમાં પ્રતિવાદી હાજર ન હોવા છતાં તેમના નામની ભળતી સહી કરી કેસ ચલાવ્યાના આક્ષેપમાં, પ્રતિવાદીઓને ચેમ્બરમાં ધમકાવવા જેવી ફરિયાદનું તથ્ય જાણવાનો નવા મહેસૂલ મંત્રીએ પ્રયાસ કરવા જોઈએ.

## વિજયનગર ખેતી બેંકમાં પ્રમુખ-ઉપપ્રમુખ બિન હરીફ ચૂંટાયા

બાયડ, તા. ૧૬

વિજયનગર તાલુકાની ખેતીબેંક યોજાઈ જેમાં સા.કા. બેંકના ડિરેકટર શ્રી પંકજભાઈ રામજીભાઈ પટેલના પ્રયત્નોથી બિનહરીફ વરણી કરવામાં આવી જેમાં પ્રમુખ તરીકે બાબુભાઈ મેઘજીભાઈ પટેલ તથા ઉપપ્રમુખ તરીકે પટેલ પંકજકુમાર રામજીભાઈની વરણી કરવાથી વિજયનગર સહકાર ક્ષેત્રમાં આનંદની લાગણી પ્રસરી છે.

# વિશ્વહિન્દુ પરિષદ અને બજરંગ દ્વારા પ્રાંતિજ ખાતે શસ્ત્રપૂજન કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ તા.૧૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા શસ્ત્રો પુજન કાર્યક્રમ યોજાયો. પ્રાંતિજ ખાતે કાર્યરત વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા પ્રાંતિજ ભાંખરીયા બસસ્ટેશન પાસે આવેલ મહાકાલી માતા ના મંદિર ખાતે દશેરા ના પર્વને લઈને શસ્ત્રોનુ પુજન કાર્યક્રમ યોજાયો હતો જેમા વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળના કાર્યકરો ઉપસ્થિત રહીને શસ્ત્રો ની પુજા કરી હતી તો આ પ્રસંગે નટુભાઇ બારોટ, જી.એસ.પટેલ, વિજયસિંહ, મેહુલભાઈ, મિલનભાઈ, વિજયભોઈ સહિત ના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા શસ્ત્રો નુ પૂજન કર્યુ હતુ.



## જન્મદિને વધામણી



એચ .કે .પટેલ
નિવૃત્ત હેડ કલાર્ક,
સાબરકાંઠા જિલ્લા
પ્રાથમિક શિક્ષણ સમિતિ
હિંમતનગર



ચિરાગ ડી.પરમાર
બાયડ



દક્ષેશ મહેશભાઈ પંચાલ
બાયડ



નિવા વિશાલભાઈ પટેલ
મુ.રૂપાલકંપા,
તા.હિંમતનગર.
જી.સાબરકાંઠા.

# ડીસાના સેરગંજની યુવતી ગુમ થઈ જતા એક મહિલા સહિત ચાર સામે ફરિયાદ

ડીસા, તા. ૧૬

ડીસા ના સેરગંજ ખાતે રહેતા એક ગરીબ પરિવાર ની યુવતી દવાખાને ગયા બાદ એકા એક ગુમ થઈ હતી અને શોધખોળ બાદ આ યુવતી અન્ય યુવક સાથે ગઈ હોવાની ખબર આધારે યુવતી ના પિતા દ્વારા યુવક ના પરિવારજનો આ બાબતે પૂછપરછ કરવા જતા યુવક ના પરિવારજનો ઉશ્કેરાઈ જઈ ને યુવતી ના પિતા ને જાનથી મારી નાખવાની ધમકી આપતા આ મામલે યુવતીના પિતા એ ડીસા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. ડીસા ના સેરગંજ ખાતે રહેતા ઝહીર હુસેન ની ૨૦ વર્ષીય દીકરી બે દિવસ અગાઉ ઘરે થી દવા લેવા માટે ગવાડી વિસ્તાર માં આવેલ અસગરી હોસ્પિટલ ખાતે ગયેલી જોકે તે મોડે સુધી પરત ના ફરતા આ પરિવારજનો ચિંતિત બન્યા હતા અને આસપાસ માં શોધખોળ આદરી હતી અને તે દરમિયાન તેમને જાણવા મળેલ કે તેમની દીકરી ને ખારાકુવા ખાતે રહેતો વારીશ ગુલઝારમહમદ શેખ ભગાડી ગયો છે જેથી યુવતી ના પરિવારજનો ગતરોજ શુક્રવારે વારીશ ના ઘરે ગયા હતા અને વારીશ ના પરિવારજનો એ આ બાબતે પૂછપરછ કરતા તેઓ ઉશ્કેરાઈ ગયા હતા અને યુવતીના પિતા ને ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપતા આ બાબતે યુવતીના પિતા ઝહીર હુસેન પઠાણે ડીસા તાલુકા પોલીસ મથકે (૧)માજિદ ગુલઝાર અહમદ શેખ (૨)ગુલઝાર ગુલામ મહમદ શેખ (૩)ઈમરાન ખાન યુસુનખાન શેખ (૪) ફેમિદાબાનું ગુલઝાર અહમદ શેખ તમામ રહે.ખારા કુવા ડીસા .વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલિસ એક મહિલા સહિત ચાર સામે વિવિધ કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.